# VASISHTHA GENESIS SCHOOL-BABEN
## (Gujarati Medium)

**પ્રબળ આત્મવિશ્વાસ એ જ મહાન કાર્યનો જનક છે. - સ્વામી વિવેકાનંદ**

સ્નેહી વાલીશ્રી, નમસ્કાર!

શિક્ષણ મંત્રાલય નવી દિલ્હી દ્વારા 'એક રાષ્ટ્ર એક વિદ્યાર્થી ID' ઉદેસ્યોને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવા દરેક વિદ્યાર્થી માટે એક અનન્ય ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજીસ્ટ્રી (APAAR) ID બનાવવામાં આવનાર છે જે શૈક્ષણિક સંસાધનોને ઉપયોગ કરવામાં પણ મદદરૂપ થશે અને કાયમી રહેશે.

APAAR ID એ ડીજીલોકર ઈકોસિસ્ટમને ઉપયોગ કરવા માટેનું GATEWAY છે જે વિદ્યાર્થીઓને સ્કોર કાર્ડ, EXAM RESULTS, HOLISTIC રિપોર્ટ કાર્ડ, LEARNING OUTCOMES ઉપરાંત અન્ય સિદ્ધિઓ જેવી કે ઓલીમ્પિયાડ, રમતગમત કૌશલ્ય, પ્રશિક્ષણને ડીજિટલી સ્ટોર કરવાની મંજુરી આપવામાં આવશે. આ APAAR IDનો ઉપયોગ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષણ અને રોજગાર હેતુ માટે કરી શકશે.

Ministry of education દરેક વિદ્યાર્થીનું આધાર નંબરના આધારે APAAR ID જનરેટ કરશે જેના માટે વિદ્યાર્થીના માતાપિતાની અલગ સંમતિ Annexure-1 માં જરૂરી છે. આ રીતે એકત્રીત કરવામાં આવેલ ડેટાને ગોપનીય રાખવામાં આવશે અને આધાર નંબર માસ્ક કરી અન્ય સરકારી વપરાશકર્તાઓ સાથે ડેટા શેર કરવામાં આવશે.

માતા-પિતાએ Annexure-1 સંમતિપત્ર સાથે માતા-પિતા/વાલીનું આધાર કાર્ડ અથવા અન્ય કોઈ ફોટો આઈડી પ્રુફ અને વિદ્યાર્થીની આધારકાર્ડની ઝેરોક્ષ શાળામાં આપવાની રહેશે.

UDISE + Portal હેઠળ એકત્રિત કરાયેલ વિદ્યાર્થીનું નામ, માતા-પિતાનું નામ, લિંગ/જાતિ, જન્મતારીખ અને અન્ય જરૂરી વિગતોને ચકાસો અને પ્રમાણિત કરો અને તે વિદ્યાર્થીના આધારની વિગતો સાથે મેળ ખાતી હોવી જોઈએ. APAAR ID બનાવવા માટે વિદ્યાર્થીનો PEN ફરજિયાત છે.

શાળા દ્વારા એકત્રિત કરાયેલ વિદ્યાર્થીનું નામ, માતા-પિતાનું નામ, લિંગ/જાતિ, જન્મતારીખ વગેરે વિગતો SCHOOL RECORD તથા UDISE + Portal માં વિદ્યાથીના રેકોર્ડ સમાન હોય, પણ વિદ્યાર્થીના આધારની વિગતો SCHOOL RECORD તથા UDISE + Portal સાથે મેળ ખાતી ન હોય તેમાં કોઈ ભૂલ/ક્ષતિ જણાશે તો તેવા સંજોગોમાં વાલીએ આધારકાર્ડમાં સુધારો કરાવવો ફરજિયાત છે. APAAR ID Generate કરવા સંમતિની વિગતો ઓનલાઈન ભરી કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે વિદ્યાર્થીઓને તેની વિગત શાળા દ્વારા આપવામાં આવશે.

**APAAR ID ની ઉપયોગીતા :-**

APAAR ID - એક અનન્ય ૧૨ અંકનું ID વિદ્યાર્થીઓની તેમની તમામ શૈક્ષણિક ક્રેડિટસ ડિજીટલ રીતે સંગ્રહિત કરવામાં, મેનેજ કરવામાં અને ઍક્સેસ કરવામાં મદદ કરશે.જેમાં સ્કોર કાર્ડ, માર્કશીટ, ગ્રેડશીટસ ડિગ્રી, ડિપ્લોમાં, પ્રમાણપત્રો અને સહ-અભ્યાસિક સિદ્ધિઓનો સમાવેશ થાય છે. આ ID શૈક્ષણિક પ્રણાલીમાં વિદ્યાર્થી માટે કાયમી ડિજિટલ ઓળખ તરીકે કાર્ય કરે છે.

- APAAR ID - જ્યાં તમામ ઓળખપત્રો સંગ્રહિત હોય ત્યાં શેર કર્યા સિવાય કોઈ વધારાના પ્રમાણપત્રો પ્રદાન કરવાની જરૂર નથી, હાર્ડ કોપી પ્રમાણપત્રો ગુમાવવાનો કોઈ ભય નથી.
- આજીવન શૈક્ષણિક ઓળખ: ભારતના દરેક વિદ્યાર્થીને ૧૨ અંકનું વિશિષ્ટ ઓળખ ID મળે છે.
- કેન્દ્રિય પ્રણાલી : એક જ જગ્યાએથી શૈક્ષણિક રેકોર્ડનું સંચાલન કરે છે.
- ક્રેડિટ ટ્રાન્સફર : સંસ્થાઓ વચ્ચે ક્રેડિટ ટ્રાન્સફરની સુવિધા આપે છે.
- આજીવન ઓળખ: વિદ્યાર્થીની શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દી દરમિયાન તેમની સાથે રહે છે.
- APAAR ID માટેની વધુ માહિતી શાળાની એપ્લીકેશન પરથી મોકલવામાં આવેલ PDF માંથી મળી શકશે.

આચાર્યશ્રી

વસિષ્ઠ જેનેસીસ સ્કૂલ-બાબેન.

- આ પત્ર સાથે મોકલાવેલ સંમતિપત્ર ભરી માતા-પિતા અને બાળકના આધારકાર્ડની ઝેરોક્ષ બાળક સાથે શાળામાં જમા કરાવવાની રહેશે.